# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

**************************************************

1. ભારત અને રશિયાએ 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને સો અરબ ડોલર સુધી વધારવાનો સંકલ્પ કર્યો
2. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારત અને રશિયા વચ્ચેના સુમેળભર્યા સંબંધોને સિમાચિહ્નરૂપ ગણાવ્યાં
3. રાષ્ટ્ર ભારત રત્ન ડૉ. બી.આર. આંબેડકરને તેમના 70મા મહાપરિનિર્વાણ દિવસ - પુણ્યતિથિ પર આજે શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે.
4. સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે સરદાર @ 150 યુનિટી માર્ચના સમાપન પ્રસંગે વિવિધ મહાનુભાવો એકતા નગરમાં ઉપસ્થિત રહેશે.
5. દિલ્હી વિમાન મથકે ફ્લાઇટ કામગીરી ધીમે ધીમે સામાન્ય થઇ રહી છે , એરપોર્ટ ઓથોરિટીએ જણાવ્યું છે કે, હજુ ઇન્ડિગોની કેટલીક ફ્લાઇટ્સ પ્રભાવિત રહેશે.
6. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે વિશાખાપટ્ટનમાં થોડીવારમાં અંતિમ એક દિવસ મેચ શરૂ થશે.

.................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# INDIA-RUSS

ભારત અને રશિયાએ 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને 100 અબજ ડોલર સુધી વધારવાનો સંકલ્પ કર્યો હતો. ગઈકાલે નવી દિલ્હીમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ભારત-રશિયા વ્યાપાર મંચને સંબોધતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નોંધ્યું હતું કે બંને નેતાઓ વચ્ચેની તાજેતરની ચર્ચાઓ અને બંને બાજુ મજબૂત સંભાવનાઓ દર્શાવે છે કે દ્વિપક્ષીય વેપાર લક્ષ્ય નિર્ધારિત સમય કરતાં ઘણું વહેલું પ્રાપ્ત થશે.

તેમણે ભાર મૂક્યો હતો કે વ્યવસાય માટે સરળ અને અનુમાનિત પદ્ધતિઓ બનાવવામાં આવી રહી છે. તેમણે એ પણ નોંધ્યું હતું કે ભારત અને યુરેશિયન આર્થિક સંઘ વચ્ચે મુક્ત વેપાર કરાર પર ચર્ચા શરૂ થઈ ગઈ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PRESIDENT PUTIN DINNER

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે સાંજે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના સન્માનમાં ભોજન સમારંભનું આયોજન કર્યું હતું. તેમણે નોંધ્યું હતું કે તેમની મુલાકાત બંને દેશો વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે,

## Byte - President-Russia

રાષ્ટ્રપતિ મુર્મુએ રાષ્ટ્રપતિ પુતિનના ભારત-રશિયા વિશેષ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારી પ્રત્યેના સમર્થન અને વ્યક્તિગત પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી.

રાષ્ટ્રપતિએ નોંધ્યું હતું કે આ ભાગીદારી શાંતિ , સ્થિરતા અને પરસ્પર સામાજિક-આર્થિક અને તકનીકી પ્રગતિ માટે સહિયારા પ્રયાસો થઇ રહ્યાં છે. ભારત અને રશિયા વચ્ચેના પારંપરિક સંબંધો નવા શિખરો સર કરી રહ્યાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## DR. B.R.AMBEDKAR

રાષ્ટ્ર ભારત રત્ન ડૉ. બી.આર. આંબેડકરને તેમના **70**મા મહાપરિનિર્વાણ દિવસ - પુણ્યતિથિ પર આજે શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે. રાષ્ટ્ર નિર્માણમાં ડૉ. આંબેડકરના અપ્રતિમ યોગદાનને ઉજાગર કરવા માટે દેશભરમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ કાર્યક્રમ એક સ્વપ્નદ્રષ્ટા સમાજ સુધારક , ન્યાયશાસ્ત્રી અને રાજનેતા ડૉ. આંબેડકરની સ્મૃતિમાં ઉજવવામાં આવી રહ્યો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ , ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા અને અન્ય મહાનુભાવોએ આજે નવી દિલ્હીના સંસદ સંકુલમાં મહાપરિનિર્વાણ દિવસ પર ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. બી.આર. આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MANDAVIYA PADYATRA

સરદાર વલ્લભભાઈ પટેલની **150**મી જન્મજયંતિ નિમિત્તે કરમસદથી પ્રસ્થાન કરેલી સરદાર **@ 150** યુનિટી માર્ચના સમાપન પ્રસંગે કેન્દ્રીય મંત્રી મનસુખ

માંડવિયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં એકતા નગર તરફ પ્રયાણ કર્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે મહાનુભાવોએ મહાપરિનિર્વાણ દિવસે મહાનુભાવોએ ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. મહાનુભાવોની આગેવાનીમાં 150 પદયાત્રીઓ સાથે આગળ વધતી પદયાત્રાએ અંતિમ પડાવ તરફ કૂચ કરી હતી.

આ યાત્રામાં કેન્દ્રીય રાજ્ય મંત્રી રક્ષા ખડસે પણ જોડાયા હતા.જિલ્લાના અગ્રણીઓએ સરદાર સાહેબની પ્રતિકૃતિ સ્મૃતિચિન્હ સ્વરૂપે અર્પણ કરીને મહાનુભાવોને સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં ઉમળકાભેર આવકાર આપ્યો હતો. મહાનુભાવોએ નર્મદા માતા સામે શીશ નમાવીને પ્રજાકલ્યાણ અને રાષ્ટ્રના વિકાસની મનોકામના કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## DELHI AIRPORT-ADVISORY

દિલ્હી એરપોર્ટ પર ફ્લાઇટ કામગીરી ધીમે ધીમે સામાન્ય થઈ રહી છે. એરપોર્ટ ઓથોરિટીએ માહિતી આપી છે કે ઇન્ડિગોની કેટલીક ફ્લાઇટ્સ પ્રભાવિત થશે.

તેમણે મુસાફરોને અસુવિધા ટાળવા માટે એરપોર્ટ માટે રવાના થતા પહેલા એરલાઇન સાથે નવીનતમ ફ્લાઇટ સ્ટેટસ તપાસવાની સલાહ આપી છે. ઓથોરિટી

વિક્ષેપો ઘટાડવા અને મુસાફરો માટે સરળ મુસાફરી સુનિશ્ચિત કરવા માટે તમામ હિસ્સેદારો સાથે સંકલન કરી રહી છે.

લોકોને નવીનતમ ફ્લાઇટ સ્ટેટસ માટે સત્તાવાર વેબસાઇટ www.newdelhiairport.in તપાસવાની પણ સલાહ આપવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# RAJNATH NADDA-AMBEDKAR

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ મહાપરિનિર્વાણ દિવસ પર ડૉ. ભીમ રાવ આંબેડકરને શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી સિંહે કહ્યું કે બાબાસાહેબ આંબેડકરનું જીવન અને વિચારો દેશવાસીઓ માટે પ્રેરણારૂપ છે. મંત્રીએ ઉમેર્યું કે સ્વતંત્ર ભારતના નિર્માણમાં તેમનું યોગદાન અવિસ્મરણીય છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી નડ્ડાએ કહ્યું કે બાબાસાહેબ આંબેડકર લોકશાહીની જીવંત શાળા હતા જેમણે સમતાવાદી સમાજ , સામાજિક ન્યાય અને જન કલ્યાણ સ્થાપિત કરવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. મંત્રીએ ઉમેર્યું કે તેમના આદર્શો અને સિદ્ધાંતોને આત્મસાત કરીને , દેશ વિકસિત ભારત તરફ આગળ વધી રહ્યો છે.

પ્રસ્તુત છે એક અહેવાલ

## (વોઈસ કાસ્ટ – શિંવાગ)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ARMY-COMMANDERS CONFERENCE

આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ આર્મી કમાન્ડરોને વર્તમાન અને ભવિષ્યના યુદ્ધક્ષેત્રોની માંગણીઓને પહોંચી વળવા માટે સંયુક્તતા , એકીકરણ અને નવીનતાને મજબૂત બનાવવા વિનંતી કરી.

તેમણે આ મહિનાની 4 અને 5 ડિસેમ્બરે નવી દિલ્હીમાં યોજાયેલા દ્વિવાર્ષિક મિકેનાઇઝ્ડ ઇન્ફન્ટ્રી કમાન્ડર્સ કોન્ફરન્સ 2025 દરમિયાન મિકેનાઇઝ્ડ ઇન્ફન્ટ્રીના વરિષ્ઠ નેતૃત્વને સંબોધતા આ વાત કહી હતી.તેમણે બહુ-ક્ષેત્ર યુદ્ધમાં વિકસતી સમકાલીન પ્રપયુક્તિઓ, તકનીકો અને પ્રક્રિયાઓ પર પણ ભાર મૂક્યો.

બે દિવસીય પરિષદમાં "સંયુક્ત શસ્ત્ર કામગીરીમાં મુખ્ય સંકલનકાર તરીકે મિકેનાઇઝ્ડ ઇન્ફન્ટ્રી" પર નોંધપાત્ર ચર્ચા કરવામાં આવી હતી , જેમાં ઉભરતા ઓપરેશનલ ઉદાહરણો , માનવરહિત હવાઈ પ્રણાલીઓ અને બહુ-ક્ષેત્ર યુદ્ધ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CRICKET-ODI

વિશાખાપટ્ટનમમાં રમાનારી ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે ત્રીજી અને અંતિમ વનડે મેચ થોડી જ ક્ષણોમાં મેચ શરૂ થશે. ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. બંને ટીમો શ્રેણીમાં 1-1થી બરાબર છે માટે બંને ટીમો આજે શ્રેણી જીતવા રમતમાં ઉતરશે.

. . . . . . . . . . . . . . . .

# SC-AI

સર્વોચ્ચ અદાલતે ખાતરી આપી છે કે ન્યાયાધીશો ન્યાયિક પ્રક્રિયામાં કૃત્રિમ બુદ્ધિમતાએ (AI) ના ઉપયોગ અંગે ખૂબ કાળજી રાખી રહ્યા છે. અદાલતે કહ્યું કે, આવી ટેકનોલોજી ક્યારેય ન્યાયિક નિર્ણય લેવાની પ્રક્રિયા પર પ્રભુત્વ મેળવશે નહીં.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની અધ્યક્ષતાવાળી ખંડપીઠે ન્યાયિક પ્રણાલીમાં AI અને મશીન લર્નિંગના નિયમનની માંગ કરતી અરજી પર સુનાવણી કરી રહી હતી.

મુખ્ય ન્યાયાધીશે સ્પષ્ટતા કરી કે ન્યાયતંત્ર ટેકનોલોજી પ્રત્યે અત્યંત સતર્ક છે. તેમણે કહ્યું કે , AIને ક્યારેય ન્યાયિક નિર્ણય લેવાની પ્રક્રિયા પર પ્રભુત્વ

મેળવવા દેવામાં આવશે નહીં. તેમણે પુનરોચ્ચાર કર્યો કે ન્યાયાધીશોની સ્વતંત્રતા અને માનવ અંતરાત્મા ભારતીય ન્યાયિક પ્રણાલીના મૂળમાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SITHARAMAN- LEADERSHIP SUMMIT

નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું છે કે , કેન્દ્ર સરકાર કર પ્રણાલીને સરળ બનાવવા માટે કામ કરી રહી છે અને આવકવેરાને હવે એક બોજારૂપ પ્રક્રિયા ન માનવી જોઈએ.

આજે નવી દિલ્હીમાં ખાનગી મીડિયા સંગઠનોના સંમેલનને સંબોધતા તેમણે કહ્યું કે, નાગરિકોના ઉત્થાન માટે આવકવેરાના સ્લેબને વધુ પારદર્શક , સરળ અને સુસંગત બનાવવા જરૂરી છે. કસ્ટમ માળખામાં ધરમૂળથી ફેરફાર એ આગામી મુખ્ય કાર્ય હશે.

તેમણે જણાવ્યું હતું કે મધ્યમ વર્ગની બચત ઘટી રહી નથી પરંતુ હવે રોકાણમાં રૂપાંતરિત થઈ રહી છે. નાણામંત્રીએ જણાવ્યું હતું કે આ વર્ષે એકંદર વિકાસ દર 7 ટકાથી વધુ રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PAK- HUMAN RIGHTS ABUSES

બલૂચ નેશનલ મૂવમેન્ટે પાકિસ્તાનમાં ગંભીર માનવાધિકાર ઉલ્લંઘનને ધ્યાનમાં રાખીને જનરલાઇઝ્ડ સ્કીમ ઓફ પ્રેફરન્સ પ્લસ હેઠળ ઇસ્લામાબાદના પ્રેફરન્શિયલ ટ્રેડ સ્ટેટસનું પુનઃમૂલ્યાંકન કરવાની હાકલ કરી છે.

બ્રસેલ્સમાં યુરોપિયન સંસદમાં એક કોન્ફરન્સમાં હાજરી આપતા , બલૂચ નેશનલ મૂવમેન્ટના અધ્યક્ષ , નસીમ બલોચે જણાવ્યું છે કે પાછલા વર્ષોમાં , પાકિસ્તાનની સુરક્ષા સંસ્થાએ બલૂચિસ્તાનમાં દમનની તમામ હદો વટાવી દીધી છે.

તેમણે કહ્યું કે , શાંતિપ્રિય રાજકીય નેતાઓ , વિદ્યાર્થીઓ, માનવાધિકાર રક્ષકો અને રાજકીય કાર્યકરોની એક આખી પેઢીને શાંત કરવા ક્રૂરતા આચરવામાં આવી છે.. તેમણે કહ્યું કે છેલ્લા ત્રણ મહિનામાં બળજબરીથી ગુમ થવાના 234 નવા કેસ નોંધાયા છે.

આ વર્ષની શરૂઆતમાં અપહરણ કરાયેલી નસરીના બલોચ અને મહજબીન બલોચ જેવી મહિલાઓ હજુ પણ ગુમ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .